**પ્ર. : ૧. (ક) નીચેના વાક્યો જે ગાથામાંથી લેવાયા હોય તે ગાથા લખો (અર્થ નહીં)**

(૧) ધર્મનું શ્રવણ થયા પછી પણ તેના પર શ્રદ્ધા થવી અતિ દુર્લભ છે.

જવાબ :(ક) (૧) આહચ્ચ સવણં લધ્ધું સદ્ધા પરમ દુલ્લહા; સોચ્ચા નેઆઉ યં મગ્ગં, બહવે પરિભસ્સઈ ॥ ઉ. -૯

(૨) કેવી રીતે બોલવું જોઈએ ?

જ. (૨) કહં ચરે કહું ચિટ્ઠે, કહં આસે કહં સએ । દશ - ૭
કહં ભુંજંતો ભાસંતો, પાવં કમ્મં ન બંધઈ. દશ - ૭

(૩) દશ અંગમાંથી પ્રથમ અંગ કહે છે.

જ. (૩) ખેત્તં વત્થું હિરણ્ણં ચ, પસવો દાસપોરુસં । ઉ. ૧૭
ચત્તારી કામખંધાણી, તત્થ સે ઉવવજ્જઈ ઉ. ૧૭

(૪) જે જીવને વિશેષપણે જાણે છે.

જ. (૪) જો જીવે વિ વિયાણેઈ, અજીવે વિ વિયાણે ઈ ।
જીવાજીવે વિયાણંતો, સો હુ નાહીઈ સંજમં ॥ દશ-૧૩

(૫) સરળ પ્રકૃતિવાળા વ્યક્તિની શુદ્ધિ થાય છે.

જ. (૫) સોહી ઉજ્જુય ભુયસ્સ, ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઈ ।
નિવ્વાણં પરમં જાઈ, ઘયસિત્તિવ્વ પાવએ ॥ ઉ. ૧૨

**(ખ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો :**

(૧) માણુસ્સં....... (૨) માણુસતમ્મિ .......... (૩) ભોચ્ચા માણુસ્સએ ........
(૪) તત્થ ઠિચ્ચા ........ (૫) સવ્વ ભૂયપ્પ........ (૬) જયા ગઈં ........ (૭) પચ્છા......

જવાબ (ખ) (૧) માણુસ્સં વિગ્ગહું લદ્ધુ, સુઈ ધમ્મસ્સ દુલ્લહા ।
જં સોચ્ચા પડિવજ્જંતિ, તવં ખંતિમહિંસયં ॥
**ભાવાર્થ :** મનુષ્ય ભવની પ્રાપ્તિ થઈ ગયા પછી ધર્મનું શ્રવણ કરવાનો અવસર મળવો દુર્લભ છે. તે ધર્મને શ્રવણ કરીને જીવ તપ, ક્ષમા અને અહિંસા રુપ દયાધર્મને અંગીકાર કરે છે.

(૨) માણુસતમ્મિ આયાઓ, જો ધમ્મં સોચ્ચા સદ્દહે ।
તવસ્સી વીરિયં લદ્ધું સંવુડે નિદ્ધુણે રયં ॥
**ભાવાર્થ :** મનુષ્ય જન્મને પ્રાપ્તિ કરી જે આત્મા, ધર્મને શ્રવણ કરી તેની ઉપર શ્રદ્ધા-રુચિ કરતો થકો, સંયમને વિષે ઉધમ-પરાક્રમયુક્ત થાય છે તે સંવર અને તપસ્યા દ્વારા કર્મરજનો નાશ કરી દે છે.

(૩) ભોચ્ચા માણુસસ્સએ ભોએ, અપ્પડિરૂવે અહાઉયં ।
પુવ્વિં વિસુદ્ધ સદ્ધમે, કેવલં બોહિ બુજ્ઝિયા ॥
**ભાવાર્થ :** આયુષ્ય અનુસાર મનુષ્યભવ સંબંધી અનુપમ ભોગોને ભોગવી પૂર્વભવમાં નિયાણા રહિત વિશુદ્ધ ધર્મની આરાધના કરેલ છે, એવો તે જીવ નિર્મલ બોધિને પ્રાપ્ત કરે છે.

(૪) તત્થ ઠિચ્ચા જહાઠાણં, જક્ખા આઉક્ખએ ચુયા ।
ઉવેતિ માણુસં જોણિં, સેદસંગેડભિજાયઈ ॥
**ભાવાર્થ :** તે દેવ ત્યાં દેવલોકમાં પોતપોતાના સ્થાને રહીને આયુષ્યનો ક્ષય થવાથી ત્યાંથી આવીને મનુષ્ય યોનિ (જન્મ)ને પ્રાપ્ત કરે છે. ત્યાં તેને દશ અંગોની પ્રાપ્તિ થાય છે.

(૫) સવ્વ ભૂયપ્પભૂયસ્સ, સમ્મં ભૂયાઈ પાસઓ ।
પિહિયાસવ્વસ્સ દંતસ્સ, પાવં કમ્મં ન બંધઈ ॥
**ભાવાર્થ :** સર્વ પ્રાણીઓને પોતાના આત્મા સમાન સમજવાળા સમ્યક્ પ્રકારે સર્વ જીવોને જોવાવાળા મિથ્યાત્વ આદિ પાંચ આશ્રવને રોકવાવાળા પાંચ ઈંદ્રિયનું દમન કરવાવાળા પાપકર્મનો બંધ કરતા નથી.

(૬) જયા ગઈ બહુવિહં સવ્વજીવાણ જાણઈ ।
તયા પુણ્ણં ચ પાવં ચ, બંધ મુક્ખં ચ જાણઈ ॥

**ભાવાર્થ :** જ્યારે આત્મા સર્વ જીવોની અનેક પ્રકારની ગતિને જાણી લે છે ત્યારે પુણ્ય, પાપ બંધ (કર્મ) અને મોક્ષ (નિર્વાણ) તત્ત્વને પણ જાણી લે છે.

(૭) પચ્છા વિ તે પયાયા, ખિપ્પં ગચ્છંતિ અમરભવણાઈ ।
જેસિં પિઓ તવો સંજમો ય, ખંતી ય બંભચેરં ચ ॥

**ભાવાર્થ :** જેઓને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે તેઓ પાછલી વયમાં પણ ચડતાં પરિણામે દીક્ષા અંગીકાર કરે તો પણ તે શીઘ્ર સ્વર્ગ અથવા મોક્ષને પ્રાપ્ત થાય છે.

**(ગ) અર્થ લખો :**

(૧) નીરઓ, (૨) નિગામ સાઈસ્સ, (૩)નિવ્વિંદએ, (૪) નાહીઈ, (૫) અમાણુસાસુ,
(૬) અપુણચ્ચવં, (૭) અપડિરૂવે, (૮) અપ્પિયા.

જવાબ (ગ) (૧) નીરઓ = કર્મરજથી મુક્ત (૨) નિગામ સાઈસ્સ = અત્યંત સૂઈ રહેનાર
(૩) નિવ્વિદંએ = નિર્વેદ થાય વિરકત બને (૪) નાહઈ = જાણી શકશે
(૫) અમાણુસાસુ = મુનષ્ય સિવાયની (૬) અપુણચ્ચવં = હવ દેવલોકમાંથી ચવવું નથી
(૭) અપડિરૂવે = અનુપમ (૮) અપ્પિયા = પામેલા

**(ઘ) માગધી લખો :**

(૧) કીડી (૨) કદાચિત (૩) કર્મોના (૪) કડવા (૫) કામ ભોગો.

જવાબ (ઘ) (૧) કીડી = પિવીલિયા (૨) કદાચિત = આહચ્ચ (૩) કર્મોના = કમ્મુણો (૪) કડવા = કડુયં
(૫) કામ ભોગો = ભોએ.

---

**પ્ર. : ૨. ૯૮ બોલના અલ્પ બહુત્વના આધારે જવાબ લખો ।**

**(ક) નીચેના બોલનો બાસઠીઓ કોઠો બનાવીને માત્ર સંખ્યામાં લખો.**

(૧) સૌધર્મના દેવ (૨) રત્નપ્રભાના નારકી (૩) હેમવયના મનુષ્ય (૪) ચાલતી કીડી
(૫) ભવ્ય જીવ (૬) સૂક્ષ્મ જીવ અપર્યાપ્તા (૭) સ્થળચર નપુંસક (૮) અવિરતિ
(૯) નિગોદના જીવ (૧૦) ભવનપતિ દેવી.

જવાબ (ક)

| | નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|---|
| (૧) | સૌધર્મદેવ | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| (૨) | રત્નપ્રભાના નારકી | ૩ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| (૩) | હેમવયના મનુષ્ય | ૨ | ૨ | ૧૧ | ૬ | ૪ |
| (૪) | ચાલતી કીડી | ૧ | ૧ | ૨ | ૩ | ૩ |
| (૫) | ભવ્ય જીવ | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| (૬) | સૂક્ષ્મ જીવ અપર્યાપ્તા | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| (૭) | સ્થળચર નપુંસક | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| (૮) | અવિરતિ | ૧૪ | ૪ | ૧૩ | ૯ | ૬ |
| ૯) | નિગોદના જીવ | ૪ | ૧ | ૩ | ૩ | ૩ |
| (૧૦) | ભવનપતિ દેવી | ૨ | ૪ | ૧૧ | ૯ | ૪ |

**(ખ)નીચેના બોલનો અલ્પ બહુત્વ લખો :**

(૧) ત્રીજા દેવલોકના દેવ, જ્યોતિષી દેવી, શર્કરાપ્રભાના નારકી, સર્વાર્થસિદ્ધના દેવ.

જ. (૧) સર્વથી થોડા સર્વાર્થસિદ્ધના દેવ તેથી ત્રીજા દેવલોકના દેવ અસંખ્યાત ગુણા તેથી શર્કરપ્રભાના નારકી અસં. ગુણા તેથી જ્યોતિષીદેવ અસં. ગુણા

(૨) સંમૂર્ચ્છિમ મનુષ્ય, બાદર પૃથ્વીકાયના પર્યાપ્તા, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા (શરીર), છદ્મસ્થ.

જ. (૨) સર્વથી થોડા સંમૂર્ચ્છિમ મનુષ્ય તેથી બાદર પૃથ્વીકાય પર્યાપ્તા અસં. ગુણા તેથી સૂક્ષ્મનિગોદ પર્યાપ્તા અસં. ગુણા તેથી છદ્મસ્થ અંનતગુણા.

(૩) સૂક્ષ્મ તેઉકાય પર્યાપ્તા, બાદર તેઉકાય અપર્યાપ્તા, સૂક્ષ્મતેઉકાય અપર્યાપ્તા, સૂક્ષ્મજીવ અપર્યાપ્તા.

જ. (૩) સર્વથી થોડા બાદર તેઉકાય અપર્યાપ્તા તેથી. સૂક્ષ્મ તેઉ. અપર્યાપ્તા અસં. ગુણા તેથી સૂક્ષ્મ તેઉ. પર્યાપ્તા સંખ્યાતગુણા તેથી સૂક્ષ્મ જીવ અપર્યાપ્તા અનંતગુણ.

(૪) સંસારસ્થ જીવ, સિદ્ધ, ભવ્ય, અભવ્ય.

જ. (૪) સર્વથી થોડા અભવ્ય તેથી સિદધ અનંતગુણા તેથી ભવ્ય અનંતગુણા તેથી સંસારસ્થ જીવ વિશેષાધિક

**(ગ) નીચેના બોલની સમજણ લખો :**

(૧) મનુષ્યાણી (૨) સંમૂર્ચ્છિમ મનુષ્ય (૩) બાદરઅપકાય પર્યાપ્ત
(૪) નિગોદના જીવ (૫) સર્વ જીવ.

જવાબ (ગ) (૧) મનુષ્યાણી : ગર્ભજ મનુષ્યો કરતાં મનુષ્યાણી ૨૭ ગણીને ૨૭ વધારે છે તે જઘન્ય સંખ્યાની અપેક્ષાએ સમજવી.

(૨) સંમૂર્ચ્છિમ મનુષ્ય : આંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશોની સંખ્યાના બીજા વર્ગ મૂળથી ત્રીજા વર્ગમૂળને ગુણતાં જે પ્રદેશ સંખ્યા થાય તેટલા પ્રમાણમાં મનુષ્યો હોય છે.

(૩) બાદર : અપકાય પર્યાપ્ત - સ્વયંભૂરમણ સમુદ્ર સર્વથી મોટો અડધા રાજુનો હોવાથી.

(૪) નિગોદના જીવ : અભવ્ય જીવો ઉમેરાંતા તથા ભવ્ય અભવ્ય જીવો ખૂબ મોટો પ્રમાણાં સૂક્ષ્મ અને બાદર નિગોદની જીવની રાશિમાં જ મળે છે બીજે ક્યાંય મળતા નથી. બાકીના ક્ષેત્રના બધા જીવો મળીને અસંખ્યાતા લોકાકાશ પ્રદેશોની રાશિ જેટલા જ હોય છે. ચાર સૂક્ષ્મ, ચાર બાદર પ્રત્યેક વનસ્પતિ ત્રસ જીવો, સર્વ જીવોમાંથી બાદ કરવાથી આ સંખ્યા મળે છે.

**(ઘ) માત્ર સંખ્યા લખો :**

(૧) વાલુ પ્રભામાં લેશ્યા (૨) સિદ્ધશીલાના જીવમાં ઉપયોગ (૩) વાયરામાં યોગ
(૪) વનસ્પતિમાં જીવના ભેદ (૫) પંચેંદ્રિયમાં ગુણસ્થાનક (૬) કરોળિયામાં લેશ્યા.

જવાબ (ઘ) (૧) ૨ લેશ્યા (૨) ૩ ઉપયોગ (૩) પાંચ (૪) ૪ ભેદ (૫) ૧૨ ગુણસ્થાનક (૬) ત્રણ લેશ્યા.

---

**પ્ર. : ૩. સામાયિક – પ્રતિક્રમણ :**

**(ક) નીચેના શબ્દો કયા પાઠના છે? શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તે સુધારીને લખો.**

(૧) દેવીયં (૨) લેસિયા (૩) સામાઈએ (૪) ફાસાકુસંતુ (૫) અભુઠિઓમિ.

જવાબ (ક) (૧) દેવીયં અશુદ્ધ છે. દેવયં શુદ્ધ યોગ છે. સામાયિકના બીજા પાઠમાં

(૨) લેસિયા શુદ્ધ છે. સામાયિકના બીજા પાઠમાં

(૩) સામાઈએ શુદ્ધ છે. પ્રતિક્રમણના બીજા પાઠમાં

(૪) ફાસાકુસંતુ શુદ્ધ છે. સામાયિકના સંથારાના પાઠમાં

(૫) અભુક્તિઓમિ અશુદ્ધ છે. અબ્ભુઠ્ઠિઓમિ શુદ્ધ છે. પમું શ્રમણસૂત્ર.

**(ખ) માત્ર સંખ્યા લખો :**

(૧) ચારિત્રના અતિચાર (૨) ઉદ્ગમનના દોષ (૩) વ્યવહાર સૂત્રના ઉદ્દેશા
(૪) પુષ્કર દ્વીપમાં વિહરમાન તીર્થંકર (૫) કાયાના દોષ (૬) પાપના પગથિયા
(૭) ઉપાધ્યાયના ગુણ (૮) અઘાતી કર્મ (૯) વિરાધના (૧૦) પાપસ્થાનક.

જવાબ : (ખ)(૧) ૭૫ (૨) ૧૬ (૩) ૧૦ (૪) ૮ (૫) ૧૨ (૬) ૪ (૭) ૨૫ (૮) ૪ (૯) ૧૦ (૧૦) ૧૮.

**(ગ) જે પાઠમાં નવ કોટિએ પ્રત્યાખ્યાન લેવાના હોય છે એના અતિચાર અર્થસહિત લખો :**

જવાબ : (ગ) (૧) ઈહલોગા સંસપ્પઓગે - આ લોકના સાંસારિક સુખની ઇચ્છા કરે. મરીને મોટો સમ્રાટ અથવા મંત્રી વેગરે બનું.

(૨) પરલોગા સંસપ્પઓગે - પર લોકના સુખની ઇચ્છા કરે કે મરીને મોટો મહર્દ્ધિક દેવ બનું.

(૩) જીવિયા સંસપ્પઓગે - જીવવાની ઇચ્છા કરે.

(૪) મરણા સંસપ્પઓગે મરણની ઇચ્છા કરે.

(૫) કામભોગા સંસપ્પઓગે - મનુષ્ય અથવા દેવ સંબંધી કામભોગો ભોગવવાની ઇચ્છા કરે.

---

**પ્ર. : ૪. ભક્તામર અથવા કથા :**

**ભક્તામરની ગાથા પૂરી કરીને ભાવાર્થ લખો :**

(૧) ઈત્થં ............ (૨) ભિન્નેભ ............ (૪) મત્ત ............

જવાબ : ૪ (૧) ઈત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેન્દ્ર ! ધર્મોપદેશત્ વિધૌ ન તથા પરસ્ય ।
યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાન્ધકારા, તાદૃક્ કુતો ગ્રહ ગણસ્ય વિકાશિનોડપિ ॥

**ભાવાર્થ :** હે જિનેશ્વર દેવ ! આ જ પ્રકારે તમારી ધર્મદેશના વખતે અતિશયોની જેવી સમૃદ્ધિ પ્રગટ થઈ હતી તેવી સમૃદ્ધિ બીજા કોઈની ધર્મદેશના પ્રસંગે થયેલી નથી. સૂર્યનો પ્રકાશ જેટલો અંધકારનો નાશ કરે છે તેટલો ઉદય પામેલા વિકસિત ગ્રહોનો સમૂહ અંધકારનો નાશ ક્યાં કરી શકે ?

(૨) ભિન્નેભ કુમ્ભગલદુજ્જવલ શોણિતાક્ત મુક્તાફલ પ્રકરભૂષિત ભૂમિભાગઃ
બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોડપિ, નાક્રામતિ ક્રમયુગાચલ સંશ્રિતે તે ।

**ભાવાર્થ :** હરણના અધિપતિ એવા સિંહે હાથીઓના ગંડસ્થલ ભેદીને તેમાંથી પડતાં લોહીથી ખરડાયેલા શ્વેત મોતીઓના સમૂહથી પૃથ્વીના કેટલાક ભાગાને વિભૂસિત કર્યો છે તેવો છલાંગ મારવાને તૈયાર સિંહ પણ હે ભગવાન ! તમારા ચરણકમલ રૂપી પર્વતનો આશ્રય લેનાર મનુષ્ય પર આક્રમણ કરતો નથી.

(૩) મત્તદ્વિપેન્દ્ર મૃગરાજ દાવાનલાહિ, સંગ્રામ વારિધિ મહોદર બન્ધનોત્થમ્
તસ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ, યસ્તાવકં સ્તવમિમં મતિમાનધોત્તે ॥
**ભાવાર્થ :** હે ભગવાન! જે બુદ્ધિમાન આપના આ સ્તોત્રનો પાઠ કરે છે તેનો ૧) મદોન્નમત્ત હાથી ૨) સિંહ ૩) દાવાનળ ૪) સાપ ૫) યુદ્ધ ૬) સમુદ્ર ૭) જલોદર રોગ તથા ૮) બંધનથી ઉત્પન્ન થયેલ ભય પોતેજ ભય પામીને શીઘ્ર નાશ પામે છે.

## અથવા

**પ્ર. : ૪. વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (કોઈ પણ પાંચ)**

(૧) સંયમરૂપ શ્રેષ્ઠ યજ્ઞ કોણ કરે છે ?

જવાબ : ૪ (૧) સંવર દ્વારા આશ્રવ રોકનાર, સંયમી જીવનમાં અસંયમની ઇચ્છા ન કરનાર, કાયાનું મમત્વ ન રાખે, શરીર સંસ્કારનો ત્યાગ કરે. પવિત્ર હૃદયી હોય વાસના પર વિજય મેળવનાર અથવા મોક્ષ પ્રાપ્ત કરાવનાર સંયમરૂપ શ્રેષ્ઠ યજ્ઞ કરે છે.

(૨) હરિકેશી મુનિ બેડોળ કેમ થયા ?

જ. (૨) પૂર્વજન્મમાં રૂપમદના કારણે હરિકેશીમુનિ બેડોળ થયા હતા.

(૩) હરિકેશી મુનિ ગોચરી માટે ક્યાં પધાર્યા ?

જ. (૩) હરિકેશીમુનિ ગોચરી માટે બ્રાહ્મણોનો યજ્ઞ ચાલી રહ્યો હતો ત્યાં યજ્ઞમંડપમાં પધાર્યા.

(૪) ભદ્રાના લગ્ન કોની સાથે થયા ? શા માટે ?

જ. (૪) ભદ્રાના લગ્ન રૂદ્રદેવ નામના બ્રાહ્મણ સાથે થયાં. બ્રાહ્મણ મુનિનું બીજું રૂપ મનાય છે માટે એમની સાથે લગ્ન થયાં.

(૫) ભાવરૂપ યજ્ઞની અગ્નિ, જ્યોતિ, કડછી, છાણા, ઈંધણ કયા ?

જ. (૫) અગ્નિ તપ, જ્યોતિ શુભક્રિયાથી ઘી હોમવાની કડછી, શરીર કે શરીરના અવયવ, છાણાં અને કર્મ ઇંધણ છે.

(૬) હરિકેશી મુનિનું જળાશય અને શાંતિતીર્થ કર્યું છે ?

જ. (૬) હરિકેશી મુનિનું જળાશય પ્રશસ્ત લેશ્યા પ્રાપ્ત કરાવનાર ધર્મ છે બ્રહ્મચર્ય શાંતિતીર્થ છે.

(૭) તિંદુક યક્ષ કોના શરીરમાં પ્રવેશ્યો ? શા માટે ?

જ. (૭) તિંદુક યક્ષ હરિકેશીમુનિના શરીરમાં પ્રવેશ્યો કારણ કે બ્રાહ્મણે તેમનું અપમાન કરતા હતા તે એનાથી સહન ન થયું માટે.

**(બ) નીચેના વાક્યા સાચા છે કે ખોટા ? ખોટા હોય તે સુધારીને લખો.**

(૧) શંખમુનિ દીક્ષાપૂર્વે મથુરાના રાજા હતા.

જવાબ (બ) (૧) સાચું છે.

(૨) ભદ્રા તિંદુક યક્ષ પર થૂંકી.

જ. (૨) ખોટું છે. ભદ્રા મુનિરાજ પર થૂંકી

(૩) હરિકેશી મુનિ પિશાચ હતા.

જ. (૩) ખોટું છે. હરિકેશી મુનિ પિશાચ જેવા શરીરવાળા હતા.

(૪) યોગની ક્રિયાઓ અગ્નિકુંડ છે.

જ. (૪) ખોટું છે. યોગની ક્રિયા ઘી હોમવાની કડછી છે.

(૫) હરિકેશી મુનિએ છઠના પારણા માટે રૂદ્રદેવને ત્યાંથી આહાર ગ્રહણ કર્યો.

જ. (૫) ખોટું છે. માસખમણના પારણે આહાર ગ્રહણ કર્યો.

(૬) મનુષ્યની સુરક્ષા તેના જ્ઞાન અને આચારથી થાય છે.

જ. (૬) સાચું છે.

**(ક) નીચેના વાક્યો કોણ કોને કહે છે ?**

(૧) અહોદાન ! શ્રેષ્ઠદાન (૨) બાહ્ય શુદ્ધિ શા માટે ઇચ્છો છો ?
(૩) જિતેન્દ્રિય છું. (૪) નક્કી આ મુનિના તપનું બળ છે.
(૫) પાંચ મહાવ્રતધારી જૈન સાધુ છું.

જવાબ (ક) (૧) અહોદાન ! શ્રેષ્ઠદાન : દેવોએ દિવ્યધ્વનિ હરિકેશી મુનિની ગોચરી વખતે કર્યો

જ. (૨) બાહ્યશુદ્ધિ શા માટે ઇચ્છો છો : હરિકેશી મુનિએ બ્રાહ્મણ કુમારોને કહ્યું

જ. (૩) જિતેન્દ્રિય છું : હરિકેશી મુનિના શરીરમાં પ્રવેશેલા યક્ષે કહ્યું.

જ. (૪) નક્કી આ મુનિના તપનું બળ છે : સોમદત્ત બ્રાહ્મણ વિચારવા લાગ્યો.

જ. (૫) પાંચ મહાવ્રતધારી જૈન સાધુ છું : હરિકેશી મુનિ કૌશાલિક રાજાને કહે છે.

॥ જય જિનેન્દ્ર ॥